# સાંદિપની-વાલ્મિકી-વેદવ્યાસ-અત્રિ-વશિષ્ટ-વિશ્વામિત્ર શાળા વિકાસ સંકુલ, મહેસાણા.

## દ્વિતીય વાર્ષિક પરીક્ષા - ૨૦૨૫

તારીખ : ૨૧/૦૧/૨૦૨૫ | કુલ ગુણ : ૫૦

વાર : મંગળવાર | ધોરણ : ૧૧ વિષય : ગુજરાતી | સમય : ૨ કલાક

સૂચના :
- ♦ બધા જ વિભાગો તથા પ્રશ્નો ફરજિયાત છે.
- ♦ જમણી બાજુના આંકડા પ્રશ્નોના કુલ ગુણ દર્શાવે છે.
- ♦ પ્રશ્નપત્ર ધ્યાનથી વાંચી નિયત સમયમાં પૂર્ણ કરો.
- ♦ પ્રશ્નપત્રમાં ક્યાંય પણ જવાબ કે નિશાની કરવી નહીં.

---

### વિભાગ-A (પદ્ય આધારિત)

✶ **નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો.** 1

(1) વધસ્તંભ પર કોને જડી દેવામાં આવ્યા હતા ?

✶ **નીચે આપેલા પ્રશ્નના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો.** 2

(2) નાવિકની આજીવિકાનું સાધન શું છે ?

(A) ગંગા (B) અહલ્યા (C) પાષણ (D) નાવ

(3) 'ભગવાનનો ભાગ' કાવ્યનું સાહિત્ય સ્વરૂપ જણાવો.

(A) લોકગીત (B) ઊર્મિકાવ્ય (C) ખંડકાવ્ય (D) પદ

✶ **નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર લખો.** 2

(4) હરિને શી રીતે મૂલવી શકાય ?

(5) ચક્રવાકી ક્યાં છુપાઈ જાય છે ?

✶ **નીચે આપેલા પ્રશ્નો ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો.** 2

(6) કવિ કોનો ભાગ જુદો કાઢવાનું ચૂકી ગયા ? શા માટે ?

✶ **નીચેના પ્રશ્નનો સવિસ્તાર ઉત્તર લખો.** 3

(7) 'ભજન કરે તે જીતે' કાવ્યનો ભાવાર્થ સ્પષ્ટ કરો.

અથવા

(7) 'મારા ફળીના ઝાડવા બે...' કાવ્યનો મધ્યવર્તી વિચાર લખો.

### વિભાગ-B (ગદ્ય આધારિત)

✶ **નીચેના આપેલ પ્રશ્નનો ટૂંકમાં ઉત્તર લખો.** 1

(8) સ્ટેચ્યૂ કહેવામાં કોણ ઉસ્તાદ હતું ?

✶ **નીચે આપેલ પ્રશ્નના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો.** 2

(9) અધિકારને કેવા બૂટ લેવાનો અભરખો હશે ?

(A) ઇન્ડિયન (B) ચાઈનીઝ (C) અમેરિકન (D) એક્શન

(10) અલીડોસ્વની દીકરીનું નામ જણાવો.

(A) અલમા (B) શરીફા (C) મરિયમ (D) સલમા

✶ **નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર લખો.** 2

(11) શાસ્ત્રીજી કયા સાપ્તાહિકમાં કઈ બે કોલમો ચલાવતા હતા ?

(12) રમણિકલાલના પરિવારમાં કોણ-કોણ હતા ?

✶ **નીચેના આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો.** 2

(13) ઝીણા ભરવાડનો પરિચય આપો.

✶ **નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો.** 3

(14) 'માનવ સામાજિક અને સંવેદનશીલ જીવ છે' આ વિધાન 'હુકમ માલિક' એકાંકીના આધારે સમજાવો.

અથવા

(14) જયશંકરની 'સુંદરી' સુધીની રૂપાંતરયાત્રા તમારા શબ્દોમાં વર્ણવો.

### વિભાગ-C (વ્યાકરણ)

✶ **નીચે આપેલા શબ્દના બે સમાનાર્થી શબ્દો શોધીને સામ-સામે લખો. (પ્રત્યેકોન 0.5 ગુણ)** 1

**(કોઈપણ 2)**

(15) રુધિર — ગુજરાન, અનિલ

(16) પતન — લોહી, ભરણપોષણ

પવન

Master Classes Chirag Prajapati 98241 49446



[P.T.O.]

(17) આજીવિકા – રામીર, રક્ત

* નીચે આપેલા વાક્યોમાંથી કોઈપણ બે વાક્યોમાં રેખાંકિત શબ્દનો વિરોધી શબ્દ લખી અર્થ બદલાય નહીં તે રીતે વાક્ય ફરીથી લખો. (પ્રત્યેકનો 0.5 ગુણ) 1

(18) રાજરતનની માગણીનો સ્વીકાર કરવો.

(19) આજકાલ હવામાન બહુ ખરાબ છે.

(20) મેં પાપણિયે પુણ્યે ન કીધું.

* નીચે આપેલા શબ્દસમૂહોમાંથી કોઈપણ બે શબ્દ સમૂહો માટે એક શબ્દ લખો. (પ્રત્યેકનો 0.5 ગુણ) 1

(21) જેમનો કોઈ શત્રુ નથી એવા

(22) પોતાની જાત ઉપર વિશ્વાસ

(23) માનુ પિયર, મામાનું ઘર

* નીચે આપેલા તળપદા શબ્દોના શિષ્ટ અર્થ લખો. (પ્રત્યેકનો 0.5 ગુણ) 1

(24) મનવા

(25) વેળા

* નીચે આપેલા શબ્દોની સાચી જોડણી લખો. (પ્રત્યેકનો 0.5 ગુણ) 1

(26) વિજળી

(27) અધીકારિ

* આપેલા શબ્દોના અર્થભેદ લખો. (પ્રત્યેકનો 0.5 ગુણ) 1

(28) શેર – સેર

(29) સંભાળ – સંભાર

* નીચે આપેલા રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્ય પ્રયોગ કરો. 1

(30) રફુચક્કર થઈ જવું અથવા (30) રસ્તો કાઢવો

* નીચે આપેલ પ્રશ્નોમાં દર્શાવેલ સૂચના મુજબ કોઈપણ ત્રણના ઉત્તર લખો. 3

(31) જીન લૂંટને દોરી છોડવાનું શરૂ કરે છે. (પ્રત્યય સુધારી વાક્ય ફરીથી લખો.)

(32) કોઈને આશા નહોતી કે હું જીવીશ. (વાક્યમાંથી સંયોજક શોધીને લખો.)

(33) લોકો તેને કલાનો નમૂનો સમજીને સ્વીકારતા. (વાક્યમાં રહેલો વિભક્તિ પ્રકાર ઓળખાવો.)

(34) રાત પડે. શેઠિયાઓના ઘરેથી વધેલું ઘટેલું ઢાંકી ઘરે આવતી.
(વાક્યમાં યોગ્ય સંયોજક મૂકી વાક્ય ફરીથી લખો.)

## વિભાગ-D (અર્થગ્રહણ)

* નીચે આપેલા કાવ્યને વાંચી, સમજી તેની નીચે આપેલ પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ) 4

બગલા ને હંસલા બેય ધોળાધબ,
પાણીમાં જ તરે અને કરે છબાછબ.
બગલાની એક આંખ ધોખો આપી જોતી,
હંસલાની નેક આંખ જોતીને લે ગોતી.
ઊભો રહે એક પગે બસ જગઠગત,
બીજો રાજછટાધારી જીતી જાય જગત.
બેયની નિયત નોખી જુદી જુદી નાડી,
હંસલાને માનસર, બગલાને ખાડી.
બગલાને ગંદું પાણી, પાણીમાંની લીલ,
હંસલાને નીરક્ષીર વિવેકનું શીલ.
જેવી જેની ભગતિ, એવી પામે ગતિ,
બગલાને માછલી ને હંસલાને મોતી.

– દેવીકુમાર પિનાકીન ત્રિવેદી 'ઓરસિયો'

પ્રશ્નો :

(35) બગલા અને હંસલા બંને રંગે કેવા છે ?

(36) બગલા અને હંસલાની આંખો શું કામ કરે છે ?

(37) કવિએ બગલાને અને હંસલાને કેવા કહ્યા છે ?

(38) આ કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

Master Classes Chirag Prajapati 98241 49446

* **નીચે આપેલ ગદ્યખંડના આધારે તેની નીચે આપેલ પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો.** 4

માનવ વિકાસયાત્રાની કરૂણા જ એ છે કે યુધ્ધોથી માનવી થાક્યો છે. વિલાસ, કામુક્તા અને રંગરાગ પણ તેને સાચા સુખનો અનુભવ કરાવી શક્યાં નથી. એ સુખ પ્રાપ્ત કરવાના હવાતિયાં મારે છે, પણ તે પ્રાપ્ત કરવાનો તેનો રાહ ખોટો છે. માનવતાને કેન્દ્રમાં રાખ્યા સિવાયની શોધો કે ભૌતિક સાધન સામગ્રીઓ ભાગ્યે જ સુખ અને શાંતિનો અનુભવ કરાવી શકે. એથી જ આજે યુરોપ કે અમેરિકામાં પણ માનવીને નિરાંત નથી. સમૃદ્ધિ વચ્ચે પણ માનવી ખોવાયેલો, રઘવાયેલો દેખાય છે. આજના માનવીની સ્થિતિ પાની મેં મીન પિયાસી જેવી થઈ છે. તેથી પેલી પરમ શાંતિ અને મુક્તિની પ્યાસ છીપતી નથી અને તરસ્યો જીવ વ્યાકુળતા અનુભવે છે.

**પ્રશ્નો :**

(39) માનવને કઈ બાબતો સાચા સુખનો અનુભવ કરાવી શક્યા નથી ?

(40) સમૃદ્ધિ વચ્ચે પણ માનવી કેવો દેખાય છે ?

(41) આજના માનવીની સ્થિતિ કેવી થઈ ગઈ છે ?

(42) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

* **નીચે આપેલ બે વાક્યોમાં યોગ્ય વિરામચિહ્નો મૂકી વાક્ય ફરીથી લખો.** 2

(43) આટલું મોડું કદી થયું નથી ગમે તેટલું તોય એ બાળકબુદ્ધિ દુઃખી માણસ શું ન કરે

## વિભાગ-E (લેખન સજ્જતા)

* **નીચે આપેલી પંક્તિઓનો વિચાર વિસ્તાર કરો.** 3

(44) કોઈ મારા માર્ગમાં કંટક ભલેને પાથરે;
પુષ્પ તેના માર્ગમાં વેરીશ હું, વેરીશ હું.

* **નીચે આપેલા વિષયો પૈકી કોઈપણ એક વિષય પર આપેલા મુદ્દા પરથી આશરે 300 શબ્દોમાં નિબંધ લખો.** 7

(45) <u>પુસ્તકો : આપણા મિત્રો</u>
મુદ્દા : પ્રસ્તાવના – સારા પુસ્તકોનો જીવનમાં ફાળો – સારા પુસ્તકોના લાભ – ખરાબ પુસ્તકોના ગેરલાભ – વાંચન પર ટી.વી.ની અસર – ઉપસંહાર

અથવા

(45) <u>શિયાળાની સવાર</u>
મુદ્દા : પ્રસ્તાવના – સવારનું વાતાવરણ – ગામડાનું વાતાવરણ – શહેરનું વાતાવરણ – શિયાળાની સવારનું મહત્ત્વ – સૂર્યોદય સમયનું વાતાવરણ – ઉપસંહાર

અથવા

(45) <u>દીકરી ઘરની દીવડી</u>
મુદ્દા : પ્રસ્તાવના – દીકરી પ્રત્યેનું સમાજનું વલણ – દીકરો અને દીકરીની પ્રકૃતિ – પિતાને વ્હાલી દીકરી – સ્ત્રી-ભ્રુણની હત્યા અને સ્ત્રી-પુરુષ પ્રમાણમાં અસમતુલા – જાગૃતિની જરૂર – ઉપસંહાર

●●●

Master Classes Chirag Prajapati 98241 49446